| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૨/૦૩/૨૦૨૬ | | |
| રજીસ્ટરે નોંધ્યા તારીખ | ૧૨/૦૩/૨૦૨૬ | | |
| ફેસલ કર્યા તારીખ | ૦૬/૦૪/૨૦૨૬ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૨૫ |

**સુરેન્દ્રનગરના મહે. સ્પેશ્યલ જજ અને ચોથા એડી.સેશન્સ જજ (શ્રી એન.જી.શાહ) સાહેબની કોર્ટમાં, મુકામ–સુરેન્દ્રનગર**

| | |
|---|---|
| ફોજ.પરચૂ. અરજી(અધર) નંબરઃ– ૨૬૬/૨૦૨૫ | |
| આંકઃઃ– | |

દુધીબેન ધમાભાઇ સાબલીયા,
ઉ.વ.આ.૪૯,ધંધો–ઘરકામ,
રહે.ચોરવીરા,તા.સાયલા. ......**અરજદાર.**

**વિ રુ ધ્ધ**

શ્રી સરકાર. ......**સામાવાળા.**

**બાબતઃ–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૯૭ મુજબ મુદામાલ પરત મેળવવા અરજી.

---

**એડવોકેટસઃ–**

અરજદાર તરફે : વિ.વ.શ્રી ઝેડ.એ.ચૌહાણ.
સામાવાળા તરફે : વિ.મુખ્ય પી.પી.શ્રી એમ.પી.સભાણી.

---

**:: ચુ કા દો ::–**

(૧) સાંભળ્યા. અરજદારની હાલની અરજી તથા રેકર્ડ વંચાણે લીધુ.

(૨) અરજદારે હાલની અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૯૭ મુજબ મુદામાલ કમ્પ્રેશર વચગાળાના તબકકે પરત મેળવવા

માટે કરેલી છે.

(૩) અરજદાર તરફે મુખ્યત્વે રજુઆત છે કે,અરજદારની માલીકીનું આઈસર કંપનીનું ૩૬૮ સીલ્વર કલરનું ટ્રેકટર તથા તેની સાથે કંપ્રેસર મશીન રજી.નં.જીજે–૧૩–સીએ–૦૯૬૫, ચેસીસ નં.૯૩૧૩૧૨૪૦૩૮૭૭ તથા એન્જીન નંબર ૫૩૧૧૨૭૬૬૭૮૧૨ હાલનાં ગુન્હાનાં કામે કબ્જે કરવામાં આવેલ હોય જે મેળવવા ફોજદારી પરચુ.અરજી નં.૮૪૭/૨૫થી અરજી કરેલ હતી જેમાં નામ.કોર્ટ ધ્વારા તા.૧૨/૧૧/૨૦૨૫ નાં રોજ હુકમ કરવામાં આવેલ જેમાં મુદ્દામાલ ટ્રેકટર વચગાળાના સમય માટે મુકત કરેલ હતુ પરંતુ, તેની સાથેના કંપ્રેશર મશીન અંગેનો સદરહુ હુકમમાં ઉલ્લેખ ન હોય જેથી હાલની અરજીમાં ટ્રેકટર તથા તેની સાથે કંપ્રેશર મશીન બન્નેનો હુકમ કરી આપવા વિનંતી કરેલી છે.

(૪) આ કામે અરજદાર તરફે તેમની અરજીના સમર્થનમાં માર્ક ૩/૧ થી લેખિત ફરીયાદની ઝેરોક્ષ નકલ, માર્ક ૩/૨થી ફોજદારી પરચુ.અરજી નં.૮૪૭/૨૫નાં કામની અરજીની ઝેરોક્ષ નકલ, માર્ક ૩/૩ થી ફોજદારી પરચુ.અરજી નં.૮૪૭/૨૫નાં કામનાં હુકમની નકલ તથા માર્ક ૩/૪થી નામ.ગુજરાતવ ડી અદાલતનાં રે/સ્પે.ક્રિમી.એપ્લી.(પઝેશન ઓફ મુદ્દામાલ) નં.૧૫૬૯૧/૨૫નાં કામનાં ચુકાદાની નકલની નકલ રજુ કરેલ છે.

(૫) સદર અરજી રજુ થતાં સામાવાળાને નોટિસ પાઠવવામાં આવેલી, જેના અનુસંધાને સામાવાળા સરકારશ્રી તરફે વિ.મુખ્ય પી.પી.શ્રી એમ.પી.સભાણીનાંઓ રૂબરૂ હાજર થયેલા છે અને તેઓ મારફતે ભુસ્તરશાસ્ત્રી, ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતુ,સુરેન્દ્રનગરનો અભિપ્રાય આંક–૦૪ તથા આંક–૦૫થી રજુ કરવામાં આવેલ છે.

(૬) અરજદારની અરજી મુજબની દલીલ છે તેમજ વિ.મુખ્ય પી.પી.શ્રીએ નામ.કોર્ટને યોગ્ય લાગે તે હુકમ કરવા રજુઆત કરેલ છે.

(૭) આ કામે આંક–૦૪ તથા આંક–૦૫થી રજુ અભિપ્રાય વંચાણે લેતાં સદર મુદ્દામાલ ખનીજ ચોરીમાં સંડોવાયેલ હોય મુકત ન કરવા અભિપ્રાય આપેલ છે.

(૮) હાલની અરજી, ભુસ્તરશાસ્ત્રી, ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતુ,સુરેન્દ્રનગરનો અભિપ્રાય અને આ કામે રજુ તમામ આધારો વંચાણે લીધા અને હાલની અરજી સંદર્ભે અરજદારના વિ.વ.શ્રી અને વિ.મુખ્ય પી.પી.શ્રીને સાંભળ્યા. રોયલ્ટી ઇન્સ્પેકટરશ્રી,ભુસ્તરશાસ્ત્રીની કચેરી, સુરેન્દ્રનગર ધ્વારા માઇન્સ એન્ડ મીનરલ્સ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એકટ,૧૯૫૭ની કલમ–૪ અને ગુજરાત મીનરલ્સ (પ્રિવેન્શન ઓફ ઈલીગલ માઈનીંગ,ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ) રૂલ્સ,૨૦૧૭નાં નિયમ–૩ના ભંગ બદલ માઇન્સ એન્ડ મીનરલ્સ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એકટ, ૧૯૫૭ની કલમ–૨૨ મુજબ દાખલ કરવામાં આવેલ ફરીયાદ સંબંધે આરોપી નં.૧ની માલીકીનું આઇસર કંપનીનું ૩૬૮ સીલ્વર કલરનું ટ્રેકટર, રજી.નં.જીજે–૧૩–સીએ–૦૯૬૫, ચેસીસ નં.૯૩૧૩૧૨૪૦૩૮૭૭ તથા એન્જીન નંબર ૫૩૧૧૨૭૬૬૭૮૧૨ તથા તેની સાથે કંપ્રેસર મશીન હાલનાં ગુન્હાનાં કામે કબ્જે કરવામાં આવેલ હોય જે પરત મેળવવા અરજદાર ધ્વારા અત્રે કોર્ટમાં ફોજદારી પરચુ.અરજી નં.૮૪૭/૨૫થી દાખલ કરવામાં આવેલ હતી જેમાં અત્રે કોર્ટ ધ્વારા તા.૧૨/૧૧/૨૦૨૫ નાં રોજ હુકમ કરવામાં આવેલ જેમાં મુદ્દામાલ ટ્રેકટર વચગાળાના સમય માટે મુકત કરેલ હતુ પરંતુ, તેની સાથેના કંપ્રેશર મશીન અંગેનો સદરહુ હુકમમાં ઉલ્લેખ ન હોય જેથી હાલની અરજીમાં ટ્રેકટર તથા તેની સાથે કંપ્રેશર મશીન બન્નેનો હુકમ કરી આપવા વિનંતી કરેલી છે. વધુમાં,અરજદાર તરફે માર્ક–૩/૪થી નામ. ગુજરાત વડી અદાલતનાં રે/સ્પે.ક્રિમી.એપ્લી.(પઝેશન ઓફ મુદ્દામાલ) નં.૧૫૬૯૧/૨૫નાં કામનો તા.૦૬/૦૧/૨૦૨૬નો ચુકાદો રજુ કરી નામ.ગુજરાત વડી અદાલત ધ્વારા બેન્ક ગેરંટીના બદલે મુદ્દામાલ વાહનની દોઢી રકમનાં સધ્ધર જામીન રજુ કરવાનો હુકમ થયેલ હોય તે મુજબ સદર અરજીનાં હુકમમાં પણ તે મુજબ હુકમ કરવા રજુઆત કરાયેલી છે. આમ,ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં,અત્રે કોર્ટ ધ્વારા અધર

ક્રિમી.મીસે.એપ્લી.નં.૮૪૭/૨૦૨૫ના કામે અરજદારની માલીકીનું આઇસર કંપનીનું ૩૬૮ સીલ્વર કલરનું ટ્રેકટર, રજી.નં.જીજે–૧૩–સીએ–૦૯૬૫, ચેસીસ નં.૯૩૧૩૧૨ ૪૦૩૮૭૭ તથા એન્જીન નંબર ૫૩૧૧૨૭૬૬૭૮૧૨ વચગાળાના તબકકે મુકત કરવા હુકમ કરાયેલ હોય અને આંક–૦૪ તથા આંક–૦૫થી રજુ અભિપ્રાય ધ્યાને લેતાં સદર ટ્રેકટરની સાથે કમ્પ્રેશર પણ કબ્જે કરાયેલ હોય જેથી ન્યાયના વિશાળ હિતમાં અરજદારની આ અરજી મંજુર રાખી સદરહુ મુદ્દામાલની કસ્ટડી અરજદારને આપવામાં આવશે તો ન્યાયનું હિત જળવાશે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) અરજદાર દુધીબેન ધમાભાઇ સાબલીયા,રહે.ચોરવીરા,તા.સાયલા નાંઓની હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદારની માલીકીનુ આઇસર કંપનીનું ૩૬૮ સીલ્વર કલરનું ટ્રેકટર, રજી.નં.જીજે–૧૩–સીએ–૦૯૬૫, ચેસીસ નં.૯૩૧૩૧૨૪૦૩૮૭૭ તથા એન્જીન નંબર ૫૩૧૧૨૭૬૬૭૮૧૨ સાથેનું મુદ્દામાલ કમ્પ્રેશર મશીન,ફોજદારી પરચુ.અરજી (અધર) નં.૮૪૭/૨૫નાં કામે તા. ૧૨/૧૧/૨૦૨૫નાં રોજ ફરમાવવામાં આવેલ શરતોને આધિન અને નામ.ગુજરાત વડી અદાલતનાં રે/સ્પે.ક્રિમી.એપ્લી.(પઝેશન ઓફ મુદ્દામાલ)નં.૧૫૬૯૧/૨૫નાં કામના તા.૦૬/૦૧/૨૦૨૬નાં હુકમ મુજબ વચગાળાના તબકકે હાલનાં અરજદારને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) હુકમ મુજબ જરૂરી યાદી કરવી.

હુકમ આજ રોજ તારીખ ૦૬ઠ્ઠી, માહે એપ્રિલ, સને ૨૦૨૬નાં રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવ્યો.

તા.૦૬/૦૪/૨૦૨૬

(નરેશભાઇ જી. શાહ)
સ્પેશ્યલ જજ (માઇન્સ એન્ડ મીન.),
સુરેન્દ્રનગર
જજ કોડ નં.જીજે.૦૦૭૫૧.